(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઇ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઇને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઇન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઇપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઇપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**:: અપવાદ ::**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૯/૧૦/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૨/૧૧/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:- ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

-------------------

**:: જાહેરનામુ ::**

**:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે. ::**

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૧૯૭ /૨૦૨૫.–સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**:: પ્રતિબંધીત કૃત્યો ::**

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**:: અપવાદ ::**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૯/૧૦/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૨/૧૧/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૨૮/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત**
પોલીસ કમિશનર,
સુરત શહેર.

---------------------

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)અન્વયેનું. ::**

ક્રમાંક:ફજદ/રોડ બંધ/વશી-૫૩૧૫ થી ૫૩૪૫/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પંચાયત (મા×મ) વિભાગ, આહવા, જિ.ડાંગના તા.૨૨/૦૯/૨૦૨૫ ના પત્ર નં.જપડ/કાઇ/પીબી/૧૦૯૭/૨૦૨૫ થી આહવા પ્લેટો રોડ (Sec-1 કલેક્ટર કચેરી ત્રણ રસ્તાથી ITI સુધી અને Sec-2 ફવારા ચાર રસ્તાથી સિવિલ હોસ્પીટલ થઈ ચર્ચ સુધી રસ્તો) કુલ ૧.૫૦ કિ.મી રસ્તાની કામગીરી સંદર્ભિત વર્ક ઓર્ડર ધ્વારા યુનિટી કન્સ્ટ્રકશનને સોપવામાં આવેલ છે. સદર રસ્તાની કામગીરીનું ખાતમુહુર્ત માન.નાયબ મુખ્ય દંડકશ્રી અને ધારાસભ્યશ્રી વિજયભાઇ આર પટેલનાં અધ્યક્ષ સ્થાને તા.૨૦/૦૯/૨૦૨૫ નાં રોજ કરવામાં આવેલ છે. સદર રસ્તામાં ડામરની જગ્યાએ ૫.૫૦ મીટર પહોળાઈમાં સી.સી રસ્તાની તેમજ ૦.૭૫ મીટર બન્ને બાજુ પેવર બ્લોકની કામગીરીનો સમાવેશ થનાર છે. જે કામગીરી તેઓના વિભાગ ધ્વારા શરૂ કરવામાં આવેલ છે. સદર રસ્તામાં કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી, સિવિલ હોસ્પિટલ, હાઇસ્કુલ, કોલેજ, પ્રવાસીઘર વગેરે જેવા મહત્વની ઓફિસો આવેલ હોય સદર રસ્તાની કામગીરી દરમ્યાન અલગ-અલગ સેકશન કરવાની જરૂર પડે તેમ છે જેથી અમુક રસ્તાઓ બંધ કરી રસ્તાઓ ડાયવર્ટ કરવાની જરૂર પડશે. જેથી સદર કામગીરી દરમ્યાન ૩ માસ સુધી નીચે મુજબના રસ્તાઓ ક્રમશ:બંધ રાખી ડાયવર્ઝન માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન(આઇ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા,ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) હેઠળના મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટ-અમાં જણાવેલ રસ્તાઓ ઉપર હુકમ કરું છું,

(ક) કાર, બાઇક તેમજ અન્ય તમામ પ્રકારના વાહનો.

(ખ) પ્રાણીઓ સાથે અથવા પ્રાણીઓ દ્વારા ચાલતા વાહન જઈ શકશે નહી.

તેવો પ્રતિબંધ ફરમાવું છું.

**પરિશિષ્ટ-અ**

| ક્રમ | ટ્રાફિક બંધ (પ્રગતિ વાળો રસ્તો) | લંબાઈ | ટ્રાફિક ડાયવર્ઝન |
|---|---|---|---|
| ફેઝ-૧ | કલેકટર ઓફિસ સિવિલ હોસ્પિટલ હાઇસ્કુલ કોલેજ રોડ | ૧૦૦૫ મીટર | – કલેકટર ઓફિસની એન્ટ્રી પ્રાંત કચેરીના ગેટથી<br>– સિવિલ હોસ્પિટલ તેમજ હાઇસ્કુલ કોલેજ માટે સરદાર શાળા પાસેના રસ્તાથી તેમજ ફુવારા સર્કલથી કોલોની તરફથી જઇ શકાશે |
| ફેઝ-૨ | ફુવારા સર્કલથી પ્રવાસીઘર ડાંગ સ્વરાજ આશ્રમ સુધી | ૨૪૦ મીટર | – મેઇન રસ્તાથી દેવલપાડા થઇ જઇ શકાશે.<br>– તેમજ ફેઝ-૧ ના રસ્તાની કામગીરી પૂર્ણ થયે ત્યાંથી ટ્રાફિક શરૂ કરવામાં આવશે. |

**::શિક્ષા::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા ડાંગ પંચાયત (મા×મ) વિભાગ, આહવા હસ્તકનાં કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાનાં ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૬/૧૦/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૪/૧૧/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઇજનેરશ્રી, ડાંગ પંચાયત (મા×મ) વિભાગ, આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા.૧૬/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

---------------------

**જાહેરનામું**

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩(૧) અન્વયેનું. :-**

ક્રમાંક:ફજદ/લાઉડ સ્પીકર જાહે./વશી-૫૪૧૪ થી ૫૪૨૭/૨૦૨૫.–ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા ખાતે તાજેતરમાં સુરત-સાપુતારા-નાશિક હાઈવે પરથી મોટી સંખ્યામાં પદયાત્રીઓના સમૂહ પસાર થઈ રહેલ છે. આ યાત્રાળુઓ સમગ્ર દિવસ દરમિયાન તેમજ મોડી રાત અને વહેલી સવાર સુધી વાહનોમાં ઉંચા અવાજવાળા લાઉડ સ્પીકર, ડી.જે. વિગેરે ઈલેક્ટ્રોનીક સાધનોથી સાપુતારા ખાતે પ્રવાસીઓ તેમજ જાહેર જનતાને શાંતિપૂર્ણ વાતાવરણમાં ખલેલ પહોંચાડી રહેલ છે જે અત્રેના ધ્યાને આવેલ છે. જેથી ગેરકાયદેસર/બિનપરવાનગીથી ખાનગી કે જાહેર સ્થળે દિવસ/રાત્રિ દરમ્યાન પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર/ડી.જે. નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ની કલમ- ૫(૨)(૩) ની જોગવાઈઓને આધીન પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર/ડી.જે. વગાડવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, શાલિની દુહાન (I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ વિસ્તારોમાં સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે અથવા તો જાહેર રસ્તા ઉપર પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર/ડી.જે.નો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતો હુકમ કરું છુ.

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૯/૧૦/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૧૩/૧૧/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**:: વિસ્તાર ::**

સાપુતારા ગિરિમથક જિલ્લો ડાંગ

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વ્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:-૨૯/૧૦/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**શાલિની દુહાન, I.A.S.**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

---------------------

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/શ્રમિક-કામ.પો.વેરી/રજી.૧૦૩/વશી.૧૦૭૩૧ થી ૧૦૭૯૩/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૯/ ૦૯/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં કામ કરતા મકાન બાંધકામના બિલ્ડરો, ઔદ્યોગિક એકમોના લેબર કોન્ટ્રાક્ટરો મજુરી કામ અને રોડ તથા ટેલીફોન કંપનીઓમાં તેમજ ગેસ લાઈન અને લગ્ન મંડપનું કામ કરતા તથા અન્ય ઘણા બધા મોટા કન્સ્ટ્રકશન તથા વધારે મજુરો કામ કરતા હોય તેવી જગ્યાઓ, માર્કેટો, ધંધાના એકમો, દુકાનો, ઓફીસો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પરપ્રાંતીય કોન્ટ્રાક્ટરોના કર્મચારી/કારીગરો/મજુરો અંગેની વિગતો/બાયોડેટા તેઓના માલિકો દવારા સચોટ અને પુરતી માહિતી પોલીસને સમયસર પુરી પાડવામાં આવતી નથી. આવા વર્કરો અન્ય રાજયો જિલ્લાઓમાં ગુનાહિત કૃત્ય કરીને અંત્રેના જિલ્લા ખાતે આવી વિવિધ જગ્યાએ કામ અર્થે આવી વસેલ હોય છે. જે અંગે તેઓનાં માલિકો/ઠેકેદારોને માહિતી હોતી નથી. તેમજ આવા વર્કરો અત્રેના જિલ્લા ખાતે બેરોકટોક વસવાટ કરી ગુનાહિત કૃત્ય કરી નાસી જાય ત્યારે તેઓના માલિક/ઠેકેદારો પાસે પુરતી માહિતી ન હોવાના કારણે પોલીસ તેઓ

સુધી પહોંચી શકતી નથી અને આવી વ્યક્તિઓ નકસલી, આતંકવાદી વિગેરે જેવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય અથવા સંકળાવાની હોય તેવી સંભાવના નકારી શકાય નહી જેથી તમામ બિલ્ડરો/કોન્ટ્રાક્ટરો/ઔદ્યોગિક એકમો/હોટલો વિગેરે તમામે પોતાને ત્યાં મજુરીએ અથવા નોકરીએ રાખેલ તમામ કર્મચારી/મજુરોની તેઓના મુળ વતન તથા હાલના સરનામાં તથા આઈડી પ્રુફ/અગાઉનો ગુનાહિત ઈતિહાસ/હાલના ફોટોગ્રાફ સહિતની માહિતી નીચે મુજબના નિયત પ્રફોમામાં નજીકના પોલીસ સ્ટેશનમાં પુરી પાડવા તથા તેઓ દ્વારા નોકરીએ રાખવામાં આવનાર કર્મચારી ભારતીય નાગરીક છે કે કેમ? તેની ખાત્રી કરી નોકરીએ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં મજુરી/નોકરી અર્થે આવતા પરપ્રાંતીય કારીગરો/મજુરોના મુળ વતન તથા હાલના સરનામાં સહિતની તમામ માહિતી એકત્ર કરવા માટે જરૂરી આદેશ કરવો જરૂરી જાણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

અત્રેના જિલ્લામાં તમામ મકાન બાંધકામના બિલ્ડરો, ઔદ્યોગિક એકમોના લેબર કોન્ટ્રાક્ટરો મજુરી કામ અને રોડ તથા ટેલીફોન કંપનીઓમાં તેમજ ગેસ લાઈન અને લગ્ન મંડપનું કામ કરતા તથા અન્ય ઘણા બધા મોટા કન્સ્ટ્રક્શન તથા વધારે મજુર કામ કરતા હોય તેવી જગ્યાઓ, માર્કેટો, ધંધાના એકમો, દુકાનો, ઓફીસો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પરપ્રાંતીય કોન્ટ્રાક્ટરોના કર્મચારી/કારીગરો/મજુરોની નીચે જણાવેલ "પત્રક-એ"ના કોલમનં.૧ થી ૧૪ મુજબની માહિતી સંબંધિત એકમોના માલિકોએ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫ માં આપવાની રહેશે. તેમજ નોંધણી થયેલ તમામ કર્મચારી/કારીગરો/મજુરોની ઉપરોક્ત માહિતી અંગેનું નોંધણી નંબર સહિતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને જયારે પણ પોલીસ વિભાગ દ્વારા સદર બાબતેની માહિતી ચકાસણી કરવા સારૂ માંગવામાં આવે ત્યારે માહિતી પુરી પાડવાની રહેશે. તેમજ એકમોના માલિકોએ નોકરીએ રાખવામાં આવનાર તમામ કર્મચારી/કારીગરો/મજુરો ભારતીય નાગરીક છે કે કેમ? તેની ખાત્રી કરી નોકરીએ રાખવાના રહેશે.

**પત્રક-એ**

| અ.નં. | માલિકનું નામ, સરનામુ તથા ધંધાની વિગત ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર | કર્મચારીઓ કારીગરો મજુરનુ પુરૂ નામ, ઓળખ, ઓળખચિન્હ, હાલનું સરનામુ, મોબાઈલ નંબર | કર્મચારી કારીગર મજુરના વતનનું સરનામુ મોબાઈલ નંબર | કર્મચારી કારીગર મજુરના વતનના પોલીસ સ્ટેશનનું નામ તથા સરનામુ | કર્મચારી કારીગર મજુર અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલિકનું નામ સરનામુ મોબાઈલ નંબર | કર્મચારીઓ કારીગરો મજુરને કોના રેફરન્સ / પરિચય થી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું નામ સરનામુ મોબાઈલ નંબર | કર્મચારી કારીગર મજુરના બે થી ત્રણ સગા સબંધીઓના પુરા નામ સરનામા મોબાઈલ નંબર વતન સહીતના |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

| કર્મચારી કારીગર મજુરનો ફોટોગ્રાફસ | ભારતીય નાગરીકતા ચકાસણી દસ્તાવેજ | આધારકાર્ડની માહીતી તથા નકલ | પાનકાર્ડની માહીતી તથા નકલ | ચૂંટણી કાર્ડની માહીતી તથા નકલ | ગુનાહીત ઈતિહાસની માહીતી |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |

આ બાબતે સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાઈ આવે તો તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

**-: અમલવારીનો સમયગાળો :-**

આ હુકમ તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૪/૧૨/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

**-:મુક્તિ:-**

વલસાડ જિલ્લામાં આવેલ સરકારી કચેરી/અર્ધસરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાં માંથી મુક્તિ આપવામાં આવે છે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

---------------------

-:: જાહેરનામું ::-

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/Pathik જાહેરનામું/રજી.૧૦૪/વશી. ૧૦૭૯૪ થી ૧૦૮૫૮/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૧/ ૧૦/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લાની હદને અડીને મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ આવેલ છે અને જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. વલસાડ જિલ્લા, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔધોગીક એકમો આવેલા છે. જેના કારણે વલસાડ જિલ્લામાં દેશ-વિદેશ તથા રાજ્ય બહાર અને ગુજરાત રાજ્યના લોકો પ્રવાસ કે કામધંધા અર્થે આવે ત્યારે વલસાડ જિલ્લામાં શહેર કે હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, લોજ જેવા ભાડુ લઈ રોકાણની સુવિધા પુરી પાડતા એકમમાં રોકાણ કરતા હોય છે. જેમાં ગુન્હાહિત અને ભાંગફોડીયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃત્તિ આચરવા માટે હોટલ/ ગેસ્ટ હાઉસમાં ખોટા કે બીજી વ્યક્તિના નામના ઓળખના પુરાવા, મોબાઈલ નંબર આધારે રોકાણ કરી ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી જઈ જાહેર સલામતી, શાંતી અને મિલ્કતને નુકશાન પહોંચાડતા હોવાનું અને હોટલ/ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં અધુરી અને અનિયમિત નોંધ, સી.સી.ટી.વીની વ્યવસ્થા અને રેકોર્ડીંગ, ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબરનું વેરીફીકેશન અને પથિક સોફટવેરમાં અનિયમિત એન્ટ્રી થતી હોવાનું જાણવા મળેલ છે. અમુક એકમોમાં મોટે ભાગે વિદેશી નાગરીકો તેમજ આંતર રાજયના નાગરીકો તથા રાજયના વિવિધ જિલ્લાઓના નાગરીકો, વેપારીઓ, ટેકનિશ્યનો વિવિધ કામકાજ અર્થે આવતા જતા હોય છે અને તેઓ ટૂંકા સમય માટે હોટલોમાં રોકાતા હોય છે. ભુતકાળમાં બનેલ બનાવોની તપાસ દરમિયાન બહાર આવેલ હકીકતો મુજબ કેટલીકવાર ઉપરોક્ત જણાવ્યા મુજબના નાગરીકો, વેપારીઓની આડમાં આતંકવાદી, ત્રાસવાદી પ્રવૃતિ કરવા રોકાણ કરી આજુબાજુના વિસ્તારોમાં શહેરની ભીડભાડ વાળી જગ્યા, મોટી હોસ્પિટલો ઔધૌગિક એકમો, સરકારી કચેરીઓ, અતિ સંવેદનશીલ જગ્યાઓ વિગેરેની રેકી કરી આંતકવાદી પ્રવૃતિ, અસામાજીક પ્રવૃતિ, ચોરી, લુંટફાટની પ્રવૃતિને અંજામ આપતા હોય છે અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ શાંતિ અને સલામતી ડહોળવાના પ્રયાસો કરે તેવી શક્યતા નકારી શકાય નહિ.

અમુક ઔધોગિક વિસ્તાર આસપાસની હોટલોમાં ઈમોરોલ ટ્રાફીકીંગની પ્રવૃતિ પણ ઉપર જણાવ્યા મુજબ વેપાર ધંધાની આડમાં તેમજ સ્પા, મસાજની આડમાં થતી હોવાના કિસ્સાઓ રાજયમાં ભુતકાળમાં બનવા પામેલ છે. જેથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતી અને સલામતિની વ્યવસ્થા જાળવી રાખવા સારૂ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ઉપર નિયંત્રણો મુકવા ખુબ જરૂરી જણાય છે. આ માટે ગુજરાત પોલીસ દ્વારા "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે સોફ્ટવેર હાલ સફળતા પૂર્વક કાર્યરત છે. આ સોફ્ટવેરમાં ઓનલાઇન હોટલ, લોજ વિગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે. આ સોફ્ટવેર અત્રેના જિલ્લા ખાતે હાલ કાર્યરત છે અને તેનું નિયંત્રણ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ વલસાડ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી જિલ્લાની તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા, કોર્પોરેટ હાઉસ કે જેઓ મુસાફરો, વેપારીઓ વિગેરેને ટૂંકો આશરો આપે છે એ તમામે આ સોફ્ટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે. જેને માટે પ્રથમ તેઓએ એસ.ઓ.જી. શાખા વલસાડ/વાપી ખાતેની કચેરીએ જઇ તેઓની હોટલ /એકમ આ સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવવાનું રહેશે અને તેઓના યુઝર આઇ.ડી. પાસવર્ડ મેળવવાના રહેશે ત્યારબાદ જ તેઓ આ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલાં રૂપે સાવચેતી તથા તકેદારીના પગલાં લેવાના હેતુસર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના સંચાલકોએ પથિક સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ અને પ્રવાસીઓને રહેવાની સગવડ પુરી પાડતી તમામ સ્થાનિક હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ના સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઇન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) ઇન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તે મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ "PATHIK" એપમાં ફરજીયાતપણે ઓનલાઇન કરવાની રહેશે.

આ હુકમ તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૪/૧૨/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

**-:શિક્ષા :-**

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

---------------------

-:: જાહેરનામું ::-

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/સ્થળ-જગ્યા ભાડે/રજી.૧૦૫/વશી.૧૦૮૫૯ થી ૧૦૯૨૦/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૧ /૧૦/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા જિલ્લાને અડીને આવેલ મહારાષ્ટ્ર રાજ્ય તથા કેન્દ્રશાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસમાં નાના-મોટા ઔધોગિક એકમ તથા પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામેલ છે. તેની સાથે ટ્રાન્સપોર્ટ, વાહન વ્યવહાર તથા નાના-મોટા ધંધાઓ ખુબ જ મોટી સંખ્યામાં છે. આ ઔધોગિક એકમ, ટ્રાન્સપોર્ટ, હોટલ-રેસ્ટોરન્ટ, નાના-મોટા ધંધા અન્ય રોજગાર-વ્યવસાય, ભંગાર અને માલના ગોડાઉન વિગેરે જગ્યાએ મોટાભાગે પરપ્રાંતીય લોકો કામ કરે છે. આ તમામ પરપ્રાંતીય લોકો ઔધોગિક વિસ્તાર તથા રહેણાંક સોસાયટી તથા સ્લમ/ચાલી વિસ્તારમાં ભાડેથી વસવાટ કરે છે. જે પૈકી ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃતિને અંજામ આપી જિલ્લા/રાજ્ય બહાર નાસી જતા હોય છે. અને પોલીસની તપાસ દરમ્યાન તેના રહેણાંકની જગ્યાએ તપાસ કરતા રૂમ/મકાનના માલિક દ્વારા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા ભાડા કરાર કરવામાં આવેલ હોતા નથી કે જે-તે રૂમ/મકાન ભાડા કરાર એક જ વ્યકિત સાથે કરવામાં આવેલ છે. પરંતુ તેની સાથે રહેતા અન્ય મહિલા/પુરૂષના નામ-સરનામા, આધાર પુરાવા કે ફોટોગ્રાફસ કે મોબાઈલ નંબર વિગેરેની માહિતી મેળવવામાં આવતા નથી. જેના કારણે ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ થઈ શકતી નથી ખોટા અથવા બીજા વ્યક્તિના આધાર પુરાવા આધારે વસવાટ કરતા હોય જે-તે વ્યકિતની ઓળખ કે ધરપકડ થઈ શકતી નથી. વલસાડ જિલ્લાના ખાસ કરીને સગીર વયની છોકરીના અપહરણ/ભગાડી જવા કે સગીર બાળકો સાથે જાતીય અપરાધના બનાવમાં જિલ્લા/રાજ્ય બહારના વ્યક્તિઓની સંડોવણી જણાઈ આવતી હોય જેના કારણે મહિલા/બાળકો સાથે બનતા બનાવો તથા વ્યક્તિઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાઓ અટકાવવા અને ગુનાઓ શોધવા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા લીધા વગર રૂમ, મકાન, ચાલી, દુકાન, ગોડાઉન તથા રહેણાંક તરીકે ઉપયોગમાં લેવામાં આવતા દરેક સ્થળ/જગ્યા ભાડેથી આપતા હોય છે. જેથી આવી રીતે ભાડેથી રહેણાંકની સુવિધા પુરી પાડતા જગ્યા/મકાનના માલિક ઉપર નિયંત્રણો લાવવા જરૂરી છે. આ માટે રહેણાંક/ધંધા માટે ભાડેથી જગ્યા/મકાન પુરી પાડતા વ્યકિત/સંસ્થા નીચે મુજબની અમલવારી કરે તે સારૂ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત દરખાસ્ત ધ્યાને લેતા લોકોના જાન-માલની સુરક્ષા તથા ગુન્હાહિત પ્રવૃતિને અંકુશમાં રાખવા માટે ભાડેથી મકાન, ધંધાના એકમો, દુકાન, ઓફિસો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જાણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો નીચે જણાવેલ માહિતી તૈયાર કરી સંબધિત પોલીસ સ્ટેશને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦માં આપવાની રહેશે.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધિગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ ભાડે આપી શકાશે નહીં. હવે પછીથી ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓને ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦ માં આપવાની રહેશે.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતના, તથા તેની સાથે ધંધામાં સંકળાયેલ તથા વાસવાટ કરતા દરેક વ્યક્તિના ફોટા, આઈ-ડી પ્રુફ મેળવવા અને નોટરરાઈઝ ભાડા કરાર કરવો તથા ભાડા કરારમાં ભાડેથી લેનારના સાક્ષીના પણ ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબર મેળવવા.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા ધંધા કરતા તથા રહેતા દરેક વ્યકિત કઈ કંપની, દુકાન, ફેકટરી, ગોડાઉન, ધંધાકીય સ્થળમાં કામ કરે છે તેનુ પુરેપુરૂ નામ-સરનામું, નંબર મેળવવા તથા વેરીફાય કરવું.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા દરેક વ્યકિતના મુળ વતનનું નામ-સરનામું તથા વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ-મોબાઈલ નંબર મેળવવા.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં જગ્યા/મકાન ભાડે આપનાર માલિક નોટરરાઈઝ ભાડા કરાર બનાવી જરૂરી આધાર પુરાવા મેળવી નમુનાનુ ફોર્મ તથા ભાડા કરારની સર્ટીફાઈડ નકલ આ સાથે સ્થાનિક પો.સ્ટેમાં જાણ કરવી.

૭. ઉપરોક્ત વિગતો નિયત સમયમાં પોલીસ સ્ટેશનએ જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે અને તપાસણી માટે અધિકૃત કરેલ અધિકારી માગે ત્યારે તે પહોંચ રજુ કરવાની રહેશે.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતની કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાઈ આવ્યેથી તાત્કાલિક સ્થાનિક પોલીસ અને જિલ્લા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૪/૧૨/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

---------------------

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી.૧૦૬/વશી.૧૦૯૨૧ થી ૧૦૯૮૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૧/૧૦/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતિય લોકો ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્રારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ ક્રાઇમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્રારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડી આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઇ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્ક, નાણાંકીય સંસ્થા, ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિંગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્રારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિંગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઇડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂં છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શોપિંગ મોલ, શોપિંગ કોમ્પ્લેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સપોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઇલ શોપ, ઇલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના, મેડીકલ સ્ટોર.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હાઇરાઇઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઔધોગીક એકમો.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડ પાર્કિંગ સ્થળો.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૪/૧૨/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

**ભવ્ય વર્મા**
જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ.

---------------------

**આમુખ :-**

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક: એમએજી/નર્મદા મૈયા બ્રીજ/જા.ના./વશી/૩૭૬૧, તા.૩૧/૦૭/૨૦૨૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નં.એલ.આઈ.બી./અભિપ્રાય/૩૨૨૮/૨૦૨૫, તા.૨૯/૦૯/૨૦૨૫.

**-:: જાહેરનામું ::-**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.**

ક્રમાંક:એમએજી/નર્મદા મૈયાબ્રીજ/જા.ના./વશી/૪૬૭૨/૨૦૨૫.–આમુખ-૧ થી નર્મદામૈયા બ્રીજ ઉપરથી પસાર થતાં તમામ પ્રકારનાં ભારે તથા અતિભારે વાહનો જેવા કે, ખાનગી બસ, તમામ પ્રકારની ભારે ટ્રકો, ટેમ્પા, ટેન્કરોની (ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર કાર, શાકભાજી વહન કરતાં નાના લોડીંગ વાહનો તથા દૂધ વિતરણ સાથે સંકળાયેલ નાના લોડીંગ વાહનો સિવાયનાં તમામ વાહનો) અવર-જવર પર તા.૦૫/૦૮/૨૦૨૫ નાં રોજ ૦૦:૦૦ કલાકથી તા.૦૪/૧૧/૨૦૨૫ નાં રોજ ૨૪:૦૦ કલાક સુધી ૦૩ (ત્રણ) માસ સુધી પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

સદરહું બાબતે નીચે જણાવ્યા પ્રમાણેની શાળા/કોલેજનાં બાળકો લઈને અવર-જવર કરતી ઉક્ત જાહેરનામાની જોગવાઈઓમાંથી મુક્તિ આપવા બાબતે અત્રે રજુઆત મળતાં અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનો અભિપ્રાય માંગેલ હતો. આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા શાળા/કોલેજનાં બાળકો લઈને અવર-જવર કરતી નીચે પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેની બસોને નર્મદામૈયા બ્રીજ ઉપરથી અવર-જવર કરવા માટે પરવાનગી આપવા અભિપ્રાય આપેલ છે.

**-: પરિશિષ્ટ :-**

| અનુ. નં: | સંસ્થાનું નામ | વાહનનો નંબર | સમય |
|---|---|---|---|
| ૧. | UPL University of Sustainable Technology | GJ 16 AV 8987 | સવારે ૦૭:૦૦ કલાકથી સવારે ૦૮:૩૦ કલાક સુધી તથા સાંજે ૦૫:૦૦ કલાકથી સાંજે ૦૭:૦૦ કલાક સુધી. |
| | | GJ 02 ZZ 2412 | |
| | | GJ 16 Z 5872 | |
| | | GJ 16 Z 4863 | |
| | | GJ 16 AV 3815 | |
| | | GJ 16 Y 9961 | |
| | | GJ 01 DZ 4300 | |
| | | GJ 16 Z 6284 | |
| | | GJ 16 AV 6024 | |

| | | | |
|---|---|---|---|
| ૨. | P.P.Savani University | GJ 19 X 2156<br>GJ 05 AZ 0088<br>GJ 05 AZ 0444<br>GJ 01 ET 4663<br>GJ 01 FT 7431<br>GJ 05 AZ 0666<br>GJ 01 FT 7215<br>GJ 01 FT 7303 | સવારે ૦૬:૩૦ કલાકથી સવારે ૦૯:૦૦ કલાક સુધી તથા સાંજે ૦૪:૦૦ કલાકથી સાંજે ૦૭:૦૦ કલાક સુધી. |
| ૩. | Nirman Education Trust | GJ 05 BT 3916<br>GJ 05 BT 3896<br>GJ 23 T 9868<br>GJ 16 W 6395<br>GJ 06 AT 6374<br>GJ 06 ZZ 0496<br>GJ 15 YY 0201<br>GJ 06 XX 0283<br>GJ 03 BT 9503<br>GJ 03 BT 9504 | સવારે ૦૮:૦૦ કલાકથી સવારે ૦૮:૩૦ કલાક સુધી તથા સાંજે ૦૪:૦૦ કલાકથી સાંજે ૦૪:૩૦ કલાક સુધી. |

આમ, ઉક્ત વિગતે આમુખ-૨ ના અભિપ્રાયની વિગતે આમુખ-૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં શાળા/કોલેજના બાળકોના વિશાળ હિતમાં ઉક્ત પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની શાળા/કોલેજની બસોને નર્મદામૈયા બ્રિજ ઉપરથી અવર-જવર કરવા માટે પરવાનગી આપવા પાત્ર જણાતી હોય નીચે પ્રમાણે સુધારા હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું ગૌરાંગ મકવાણ, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આમુખ-૨થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની વિગતે નર્મદામૈયા બ્રિજ ઉપરથી ઉક્ત પરિશિષ્ટમાં જાણાવ્યા મુજબની શાળા/કોલેજોની બસોને અવર-જવર કરવા માટેની પરવાનગી આપવા આથી હુકમ કરું છું.

વધુમાં આમુખ-૧ થી પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે.

આજ રોજ તા.૦૭-૧૦-૨૦૨૫ના રોજ મારી સાઈન તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ગૌરાંગ મકવાણા**
જિલ્લા મેજિસ્ટેટ,
ભરૂચ.

---------------------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**-:: જાહેરનામું ::-**

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે.**

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૧૦૭/વશી.૧૦૯૯૩ થી ૧૧૦૪૫/૨૦૨૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં દિવાળી તહેવાર તથા જલારામ જયંતિની ઉજવણી થનાર હોય બજારોમાં ખરીદી માટે ભીડ રહેતી હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૩/૧૦/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૧૯/૧૦/૨૦૨૫ થી તા.૦૨/૧૧/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**કૃત્યો :-**

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૩) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૭/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

---------------------

**-:: જાહેરનામું ::-**

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે.**

નં.ડીસીબી/એમએજી/જીપીએ/રજી.૧૦૮/વશી. ૧૧૦૪૬ થી ૧૧૦૯૮/૨૦૨૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં દિવાળી તહેવાર તથા જલારામ જયંતિની ઉજવણી થનાર હોય બજારોમાં ખરીદી માટે ભીડ રહેતી હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૩/૧૦/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૧૯/૧૦/૨૦૨૫ થી તા.૦૨/૧૦/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૭/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

**મહિપાલસિંહ ચુડાસમા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

---------------------

**વંચાણમાં લીધું:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્યના તા.૧૩/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./ડ્રોન ફલાય/જહેરનામું/૫૬૭૦/૨૦૨૫

**જાહેરનામું:-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે.**

નંડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૧૭૬/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્યના તા.૧૩/૦૮/૨૦૨૫ ના પત્રથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ધોલેરા SIR અંતર્ગત ૨૨ (બાવીસ) ગામનો સમાવેશ થાય છે તેમજ હાલ ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયામાં પ્રારંભિક તબક્કે પાણી, લાઈટ અને ગટર તેમજ સી.સી.ટી.વી ની સુવિધા થઈ ગયેલ છે. જે એક્ટિવેશન એરીયાની સુરક્ષાને ધ્યાનમાં રાખી પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય નાઓએ નીચે મુજબના મુદાઓ અન્વયે ધોલેરા SIRમાં એકિટવેશન એરીયાને "NO DRONE FLYING ZONE" પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત મોકલી આપેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ SIR માં એક્ટિવેશન એરીયા વિસ્તાર પૈકી વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા તરફ જરુરી સૂચના આપવા વિનંતી કરેલ છે.

(૧) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તાર દરિયાઈ ખાડી વિસ્તારથી આશરે ૧૦ થી ૧૨ કી.મી દુર આવેલો વિસ્તાર છે જેથી દરીયાઈ માધ્યમથી કોઈ અજાણી શંકાસ્પદ વ્યક્તિ આવી ડ્રોનનો ઉપયોગ કરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૨) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તારમાં વિવિધ કંપનીઓ છે તેમજ વિવિધ કંપનીઓ ખાતે ફોરેનર્સ સાયન્ટીસ તથા ફોરેનર્સ કર્મચારી રહી, કામ કરતા હોય છે. જેઓની સુરક્ષાને ધ્યાને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૩) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા ખાતે સોશ્યલ ઈન્ફાસ્ટ્રકચર જેમ કે ફાયર સ્ટેશન, હોસ્પિટલ, થ્રી સ્ટાર હોટલ તેમજ સેવન સ્ટાર ગેસ્ટ હાઉસનુ બાંધકામ હાલ ચાલુ છે. જેની સુરક્ષાને ધ્યાનમાં રાખી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૪) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તાર નજીક ઈન્ટરનેશનલ એરપોર્ટ આવેલુ છે.

(૫) ધોલેરા તાલુકા વિસ્તાર માંથી પસાર થતો અમદાવાદ-ધોલેરા એકક્ષપ્રેસ હાઇવે ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તારને લીંક કરતો રોડ છે. જેથી તે માધ્યમથી કોઈ અજાણી વ્યક્તિ કે શંકાસ્પદ વસ્તુ આવી ડ્રોન ઉડાડી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૬) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા હાલ વિકાસના અનુસંધાને સતત VIP મુવમેન્ટ થતી રહે છે. જેમા ફોરેનર્સ ડેલીગેશન, તથા ભારત અને ગુજરાતના મંત્રીશ્રીઓ તથા અલગ અલગ કંપનીના CEO તથા કર્મચારીની અવારનવાર વીઝીટ ચાલુ રહે છે. જેની સુરક્ષાને ધ્યાનમાં રાખી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઉપર્યુક્ત દર્શાવેલ સ્થળઓને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT), તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFTS), હેંગ ગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

**-:: અપવાદ ::-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

**-:: વિસ્તાર::-**

ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તાર અને ધોલેરા SIR માં આવેલ A, B, C, D બિલ્ડીંગ, હેલીપેડ, TATA Semi Conductor Pvt. Ltd. અને Renew Photovoltaics Private Limited (RPVPL) સંસ્થાઓ તેમજ ધોલેરા એરપોર્ટની ચારેય બાજુના ૫૦૦ મી. નો વિસ્તાર.

**-:: સમયગાળો ::-**

આ જાહેરનામું તા.૧૧/૧૦/૨૦૨૫ ના સવારના ૦૦:૦૦ કલાક થી તા.૧૦/૧૨/૨૦૨૫ ના રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા ::-**

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઇન્સ્પેક્ટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

---------------------

**વંચાણે લીધ્યું :-**

૧. કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, "બી" બ્લોક બીજો માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ના પત્ર જા.નં.પી.બી./૪૧૦૮/૨૦૨૫ તા.૧૫/૦૭/૨૦૨૫

૨. પોલીસ ઈન્સપેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામું/૫૧૫૯/૨૦૨૫ તા.૧૬/૦૭/૨૦૨૫

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/કુહા-કઠલાલ-બાલાસિનોર/ડાયવર્ઝન/એસ.આર.૧૭૮/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ દ્વારા ઉપર્યુક્ત તા.૧૫/૦૭/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓના વિભાગ હસ્તકના કુહા-કઠલાલ-બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તા પર આવેલ મેજર બ્રીજ પરના સામાન્ય ટ્રાફીકને કાર્યરત રાખવા તેમજ ભારે વાહન/ મલ્ટી એક્સલ વાહનો ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા રજુઆત કરેલ છે. સદરહું બ્રીજ ૬૦ વર્ષ જુનો હોવાથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ મલ્ટી એક્સલ તથા ભારે વાહનોને સદર બ્રીજ પરથી પસાર થવા પ્રતિબંધ મુકવા રજુઆત કરેલ છે. જેથી વરસાદી ઋતુ દરમિયાન સલામતીને ધ્યાને લઈને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારુ કુહા-કઠલાલ-બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તા પર આવેલ મેજર બ્રીજ પરથી ભારે વાહન/ મલ્ટી એક્સલ વાહનોને પસાર થવા પર પ્રતિબંધ મુકવા અને સદર મેજર બીજ પર પ્રતિબંધ કરવાના થતા મલ્ટી એક્સલ/ભારે વાહનોને રસ્તાને સમાંતર આવેલ એન.એચ.૪૭ ઉપર ડાયવર્ટ કરવાનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(ખ) મુજબનું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૧૩/૧૦/૨૦૨૫ના રોજથી તા.૧૧/૧૨/૨૦૨૫ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

| પ્રતિબંધિત વિસ્તાર (ભારે વાહનો/ મલ્ટી એક્સલ વાહનો માટે) | વૈકલ્પિક રૂટ (ભારે વાહનો/ મલ્ટી એક્સલ વાહનો માટે) |
|---|---|
| કુહા-કઠલાલ-બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તા પર આવેલ મેજર બ્રીજ | કુહા-કઠલાલ-બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તાને સમાંતર આવેલ એન.એચ. ૪૭ |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૩/૧૦/૨૦૨૫ ના કલાક ૦૦:૦૦ થી તા.૧૧/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી (બન્ને દિવસ સહિત) અમલમાં રહેશે.

આજ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

---------------------

**વંચાણે લીધ્યું:-**

૧. કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, "બી" બ્લોક બીજો માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ના પત્ર જા.નં.પી.બી. /૬૦૭૪/૨૦૨૫ તા.૧૩/૧૦/૨૦૨૫

૨. પો.ઈન્સ.શ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./નળસરોવર-વિરમગામ ડાયવર્ઝન/૫૧૭૮/૨૦૨૫ તા.૧૭/૦૭/૨૦૨૫

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/નળસરોવર-વિરમગામ/ડાયવર્ઝન/એસ.આર ૧૮૦/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ દ્વારા ઉપર્યુક્ત તા.૧૩/૧૦/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓની કચેરી હસ્તક આવેલા નળસરોવર-વિરમગામ રોડ પર આવેલ સ્લેબ ડ્રેઈન સ્ટ્રકચર (કિ.મી.૨૮/૬૦૦ થી ૨૮/૭૦૦) પર તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ CASAD Consultant ના વિઝિટ દરમ્યાન સદર સ્લેબ ડ્રેઈનના સ્ટ્રકચર નું નિરિક્ષણ કરતાં તે જર્જરિત હોવાનું માલુમ પડે છે. આથી, સદરહું સ્ટ્રકચર પરથી ભારે વાહનો/મલ્ટી એક્સલ વાહનોની અવર જવર બંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પરથી વાહન વ્યવહારના સંચાલન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૧૫/૧૦/૨૦૨૫ના રોજથી તા. ૧૩/૧૨/૨૦૨૫ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોક્ત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સૂચના આપવા આવે છે.

| પ્રતિબંધિત વિસ્તાર (ભારે વાહનો/ મલ્ટી એકસલ વાહનો માટે) | વૈકલ્પિક રૂટ (ભારે વાહનો/ મલ્ટી એકસલ વાહનો માટે) |
|---|---|
| નળસરોવર-વિરમગામ રોડ પર આવેલ સ્લેબ ડ્રેઈન સ્ટ્રકચર (કિ. મી.૨૮/૬૦૦ થી ૨૮/૭૦૦) | (૧) વિરમગામ તરફથી આવતા મોટા વાહનો માટે ડાયવર્ઝન રુટ: અસલગામ ચોકડી-થુલેટા-વાંસવા ચોકડી-સચાણા-નળસરોવર.<br>(૨) નળસરોવર ચોકડી બાજુથી આવતા મોટા વાહનો માટે ડાયવર્ઝન રૂટ:<br>નળસરોવર ચોકડી-અણીયારી ગામ-ઉપરદળ-રેથલ-સાણંદ બાયપાસ-વિરમગામ હાઇવે. |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

**બી.આર.સાગર**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ

---

**:: જાહેરનામું ::**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(યુ) અન્વયેનું.**

નં.એમએજી/દિવાળી/વશી.૮૦૫૬ થી ૮૦૮૯/૨૫.–તહેવારો દરમ્યાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સબંધમાં નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫માં દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો દરમ્યાન જાહેર જનતાને ભયજનક/હાનીકારક પર્યાવરણ તથા ધ્વની પ્રદુષણની વિપરીત અસરથી રક્ષણ આપવા માટે ફટાકડા ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે તા.૨૩/૧૦/૨૦૧૮, ૩૦/૧૦/૨૦૧૮, તા.૩૧/૧૦/૨૦૧૮ અને તા.૨૯/૧૦/૨૦૨૧ના હુકમોથી નામદાર કોર્ટએ ચોક્કસ દિશા નિર્દેશો કરેલ છે તેમજ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૧૧/૨૦૨૦ ના હુકમથી પ્રદુષણનું પ્રમાણ વધે નહિ તે માટે સાવચેતીનાં પગલાં લેવા તથા માત્ર Green crackers તથા ઓછા એમિશન ઉત્પન્ન કરે તેવા ફટાકડાંના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવા જણાવેલ છે અને ડીરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ, ભારત સરકારના તા.૧૯/૧૦/૨૦૨૦ના પત્રથી ફટાકડાનાં ગેરકાયદેસર આયાત અને વેચાણ સામે પગલાં લેવા જણાવેલ છે. જેના અમલીકરણ માટે દિવાળી તથા અન્ય તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માત તથા જાનહાનિના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી જળવાય અને તેઓને અગવડ ન પડે તે માટે સુરત ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના અધિકારક્ષેત્ર સિવાય) માં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે. નામ.સુપ્રિમકોર્ટ દ્વારા થયેલ આદેશમાં ફટાકડા સંબંધમાં આપવામાં આવેલ મુખ્ય માર્ગદર્શક સુચનાઓ મુજબ તથા ફટાકડા ફોડવાની સમયમર્યાદા મુજબ અમલવારી થાય તથા ચાઇનીઝ લોન્ચર (ગુબારા-ટુક્કલ) રોકેટ જેવી બનાવટોની વસ્તુઓને દિવાળીના તહેવાર દરમ્યાન ઉપયોગ ન થાય તે સારૂ પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(યુ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સુરત ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના અધિકારક્ષેત્ર સિવાય)ની હદ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનું ચુસ્ત પણે પાલન કરવા માટે ફરમાવું છુ.

(૧) નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયનાં તમામ પ્રકારનાં ફટાકડાનાં ઉત્પાદન અને વેચાણ પર નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૨) ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતાં બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series crackers or Laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૩) ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામ.સુપ્રિમ કોર્ટનાં તા.૨૩/૧૦/૨૦૧૮નાં આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

(૪) તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

(૫) ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

(૬) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩.૫૫ કલાકથી ૦૦.૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

(૭) હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

(૮) લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈપણ ભયજનક પરિસ્થિતિનુ નિર્માણ ન થાય તે માટે સુરત ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના અધિકારક્ષેત્ર સિવાય)ના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ/સી.એન.જી.પંપ/એલ.પી.જી./બોટલીંગ પ્લાન, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ, અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇ મથકોની નજીકમાં ફટાકડા દારૂખાનુ ફોડી શકાશે નહી.

**:: પ્રતિબંધનો અમલવારીનો સમયગાળો ::**

સદરહુ હુકમ તા.૧૪/૧૦/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાક થી તા.૩૧/૧૦/૨૦૨૫ના ૨૪:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) અને તા.૨૫/૧૨/૨૦૨૫ના ૦૦:૦૦ કલાક થી તા.૦૧/૦૧/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

**-:: શિક્ષા ::-**

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા (ગ્રામ્ય) માં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ફટાકડાથી થતાં પ્રદૂષણ અંગે બાળકોમાં જાગૃતિ કેળવાય તે માટે સ્થાનિક કક્ષાએ શાળાઓમાં જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મારફત ખાસ કાર્યક્રમો આયોજીત કરવાના રહેશે.

નામ.સુપ્રિમ કોર્ટના હુકમનો મૂળભૂત હેતુ ફટાકડાથી પ્રદૂષણ અને જાહેર આરોગ્યને થતી હાનિ રોકવાનો છે. આ બાબતને લક્ષમાં લઇ નગરપાલિકાઓ દ્વારા લોકોમાં જાગૃતતા કેળવાય તથા નામ.સુપ્રિમ કોર્ટના હુકમનો ખરા અર્થમાં અમલ થાય તે મુજબ હોર્ડીંગ, બીલબોર્ડ, ઈલેક્ટ્રોનિક/ડિજીટલી બોર્ડ વગેરે મારફત પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

આજ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યો.

---------------------

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::**

નં.એમએજી/ડાયવર્ઝન/વશી. ૮૦૯૦ થી ૮૧૨૪/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચએ તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે કે, અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી આવેલી છે. સદર જગ્યાએ કીમ નદી પર મેજર બ્રીજ આવેલ છે. જે બ્રીજ બન્યાને આશરે ૪૦ થી વધુ વર્ષનો સમયગાળો વીતી ગયેલ છે અને હાલમાં કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ભરૂચ દ્વારા કસાડ કન્સલ્ટનસી, અમદાવાદ ને સુરત અને ભરૂચ પેટા વિભાગના બ્રીજોના એનડીટી ટેસ્ટ કરવા માટે વર્ક ઓર્ડર

આપેલ છે જે અંતર્ગત તા.૧૩-૦૮-૨૦૨૫ ના રોજ પેટા વિભાગ હસ્તકના કીમ નદી પર આવેલ મેજર બ્રીજનું ટેસ્ટીંગ હાથ ધરવામાં આવેલ હતું જેના પરિમાણો આવતા સદર કીમ નદી પર આવેલ બ્રીજ જુનો અને નબળો હોય સદર બ્રીજ પર ભારે વાહનો અને માલવાહક વાહનો બંધ કરવા માટે કસાડ કન્સલ્ટનસી, અમદાવાદ દ્વારા જણાવેલ છે જેથી કરી સદર બીજ પર ભારે વાહનો અને માલવાહક વાહનોની અવર જવર બંધ કરવાની જરૂરીયાત જણાય છે જેથી કરી સદર બ્રીજ પર ભારે વાહનો બંધ કરવા માટે જરૂરી જાહેરનામું પ્રકાશિત કરવા માટે વિનંતી છે.

સબબ તા.૧૭/૧૦/૨૦૨૫ થી તા.૧૬/૧૧/૨૦૨૫ સુધી અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી ઉપર આવેલ મેજર બ્રીજ ઉપર ભારે વાહનો અને માલવાહક વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે કીમ નદી ઉપર મેજર બ્રીજ ના ટ્રાફિકને ડાયવર્ટ કરવા નીચે મુજબના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૭/૧૦/૨૦૨૫ થી તા.૧૬/૧૧/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂ છું.

| ક્રમ | વાહનનો પ્રકાર | ડાયવર્ઝનની વિગત | ડાયવર્ઝન આપેલ રૂટ |
|---|---|---|---|
| ૧ | ભારે વાહનો અને માલવાહક વાહનો માટે | અંક્લેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી ઉપર આવેલ મેજર બ્રીજ તરફ આવતા-જતા વાહનો માટે | (૧) અંકલેશ્વરથી (NH-48) કીમ થઈ ઓલપાડ આવવા-જવા માટે<br>(૨) ઓલપાડથી કીમ થઈ અંક્લેશ્વર (NH-48) આવવા-જવા માટે |

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવેલ છે.

---------------------

## જાહેરનામું

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું. ::**

નં.એમએજી/તહેવાર/વશી.૮૧૭૦ થી ૮૨૦૩/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**::પ્રતિબંધિત કૃત્યો::**

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

**આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

**-:: વિસ્તાર ::-**

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

**-:: અમલવારીનો સમય ::-**

આ હુકમની અમલવારી તા.૧૬/૧૦/૨૦૨૫ થી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

**-:: શિક્ષા ::-**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

---------------------

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું. ::**

નં.એમએજી/જાહેરનામું/વશી.૮૨૦૪ થી ૮૨૩૮/૨૦૨૫.–સુરત જિલ્લામાં આગામી તા.૧૭/૧૦/૨૦૨૫ થી તા.૨૩/૧૦/૨૦૨૫ દરમ્યાન દિવાળીના વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, નૂતન વર્ષ તથા ભાઈબીજના તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**:: પ્રતિબંધિત કૃત્યો ::**

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**:: અપવાદ ::**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

**-:: વિસ્તાર ::-**

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

**-:: અમલવારીનો સમય ::-**

આ હુકમની અમલવારી તા.૧૬/૧૦/૨૦૨૫ થી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

**વિજય રબારી**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

---------------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(યુ) અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/વશી-૫૩૪૬ થી ૫૩૭૬/૨૦૨૫.–સંયુક્ત સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૧૭/૦૯/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક :HD/MIS/e-file/8/2025/0778/SB2 થી નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં-૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટિક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન પરિપત્રની સૂચનાઓની ખાસ અમલવારી થાય તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે. તેમજ આર્થિક ફાયદા સારું માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં "પ્રતિબંધિત સાધનસામગ્રી"નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતું હોવાથી આ અંગે શહેરી વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રી દ્વારા તથા જિલ્લા વિસ્તારમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા કાયદામાં આપેલ જોગવાઈ મુજબનું પ્રતિબંધિત જાહેરનામું દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી તથા ઉત્તરાયણના તહેવાર દરમિયાન દર વર્ષે નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી અમલમાં રહે તે રીતે બહાર પાડવા જણાવેલ છે.

વાસ્તે હું, ડૉ. વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(યુ) હેઠળના મુજબ મને મળેલ સત્તાની રુએ સમગ્ર ડાંગ જિલ્લામાં નીચે મુજબના કૃત્યો નું પાલન કરવા માટે ફરમાન કરું છું.

**:: પ્રતિબંધિત કૃત્યો::**

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ રહેશે.

(૨) કોઈપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેરમાર્ગ, રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા પર.

(૩) પતંગ ઉપર બિભત્સ પ્રકારના અગર આમ જનતાની કોમી તેમજ ધાર્મિક લાગણી દુભાય તેવા ઉશ્કેરણી જનક લખાણો લખવા ઉપર.

(૪) લાકડી ઉપર કાંટાવાળા ઝાડના કાળા બાંધી ઝડા બનાવી કે બીજી કોઇપણ રીતે કપાયેલા પતંગો અને દોરા મેળવવા આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર.

(૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઇલેક્ટ્રીકના બે તાર(વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાથી અકસ્માતો સર્જાય, ગંભીર બનાવો બનતા હોય છે જેથી ટેલીફોન કે ઇલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૬) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

**::અમલવારીનો સમય::**

સદરહુ હુકમ તા.૧૬/૧૦/૨૦૨૫ના ૦૦:૦૦ કલાક થી તા.૦૫/૧૧/૨૦૨૫ના ૨૪:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) અને તા.૦૬/૧૧/૨૦૨૫ના ૦૦:૦૦ કલાકથી તા.૧૬/૦૧/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**:: શિક્ષા ::**

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

---------------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(યુ) અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/વશી-૫૩૭૭ થી ૫૪૦૮/૨૦૨૫.–ઉપસચિવશ્રી (કા.વ્ય) ગૃહ વિભાગના ક્રમાંક : વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા.૧૦/૧૦/૨૦૨૫ની વિગતે તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયે સૂચનાઓ તથા ફડાકડાને વિદેશથી આયાત કરવા પર પ્રતિબંધાત્મક આદેશો બહાર પાડવા સુચના આપેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર ક્રમાંક: LIB/ફટાકડા/જાહેરનામું/૨૩૫૦/૨૦૨૫, તા.૧૫/૧૦/૨૦૨૫થી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮, ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સંબંધમાં દિશાનિર્દેશો જાહેર કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીના તહેવારો નિમિત્તે ફોડવામાં આવતા ફટાકડાના કારણે અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુંકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડો. વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લામાં નીચે મુજબના કૃત્યોનું પાલન કરવા માટે ફરમાન કરું છું.

(૧) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામા આવે છે તેમાં ફટાકડા રાત્રે ૦૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી જ ફોડી શકાશે.

(૨) ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતાં બાંધેલા ફટાકડા, (ફટાકડાની લુમ) (Joint Fire Crackers, Series Crackers or Laris) રાખી શકાશે નહીં, ફોડી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં.

(૩) હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO (Petroleum and Explosives Safety Organisation) દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (DECIBEL LEVEL) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર PESO થી સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે.

(૪) હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારોને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઇપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

(૫) કોઇપણ પ્રકારના પ્રતિબંધિત વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

(૬) તમામ ઇ-કોમર્સ વેબસાઇટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઇ શકશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી.

(૭) લોકોને અગવડ ઉભી ન થાય કે કોઇ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જિલ્લામાં બજારો, શેરીઓ, ગલીઓ, પેટ્રોલ પંપ, એલપીજી પંપ કે ગેસના સ્ટોરેજ કે અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોડાઉનની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી.

(૮) કોઇપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ/આતશબાજી બલુન વિગેરે પ્રકારના)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઇપણ સ્થળે ઉડાડી શકાશે નહીં.

(૯) ફટાકડા વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામ.સુપ્રિમ કોર્ટનાં તા.૨૩/૧૦/૨૦૧૮નાં આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

(૧૦) ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. તથા ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**અમલવારીનો સમય**

આ જાહેરનામું તા.૧૫/૧૦/૨૦૨૫ થી તા.૧૩/૧૧/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**વિસ્તાર**

સમગ્ર ડાંગ જિલ્લો

આજ તા.૧૫/૧૦/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

**ડો. વિ.કે.જોષી**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ-આહવા

---------------------

**વંચાણે લીધુ :-**

1. નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨/૧૯૯૮, તા.૧૮/૦૭/૨૦૦૫,
2. પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦.
3. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.૦૩/૧૨/૨૦૧૯ ના નોટિફિકેશન નં.GPCB/LGL:NGT: GENERAL: 115(2)/528796.
4. ગૃહ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક : HD/COU/e-file/8/2023/0331/M/P.F
5. ગૃહ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક : HD/COU/e-file/8/2023/0331/M/P.F
6. ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર નં. HD/COU/e-file/8/2023/0331/M/P.F તા.૧૬/૦૬/૨૦૨૫

**જાહેરનામું**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું:-**

નં.ડીસીબી/એમએજી/ધ્વનિ/જાહેરનામું/વશી.૮૯૪૩ થી ૮૯૮૩/૨૦૨૫.–વંચાણ (૧) થી (૨) ની વિગતે ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટે જે નિર્દેશો આપ્યા છે તેમજ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ, ખાનગી માલિકોના ફાર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે. સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજો, ઘોંઘાટમય સંગીત, ગીતો રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં, સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી /કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ઘી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીક તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ તેમજ તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

અવાજના પ્રદુષણને અટકાવવા અંગે વંચાણ (૩)થી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તાત્કાલિક અસરથી સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં ''સાઉન્ડ લિમિટર્સ" નો ફરજિયાત ઉપયોગ કરવા સૂચના આપવામાં આવેલ છે. જેના અનુસંધાને ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૪) ના પરિપત્રથી "(૧) કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડર પીકર /સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરી શકે નહીં. હાલની સાઉન્ડ સિસ્ટમ માટે પણ સાઉન્ડ લિમિટરનું ઈન્સ્ટોલેશન/રિટ્રોફિટિંગ ફરજિયાત કરવા તથા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો તથા ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને કોઈપણ સરકારી અથવા બિન-સરકારી કાર્યમાં સાઉન્ડ લિમિટર લગાવ્યા વિના કોઈપણ ઑડિયો સિસ્ટમ અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઈન્સ્ટોલ/ઉપયોગ કરવામાં ન આવે તે બાબતની ખાતરી કરવા સૂચના આપવામાં આવેલ છે. (૨) સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે, ઘણા વાહનોમાં સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવે છે, કે

જેમાં સાઉન્ડ લિમિટરનો ઉપયોગ કરવા આવતો નથી. આવા વાહનો અને સાઉન્ડ સિસ્ટમોની જપ્તી કરવાની કાર્યવાહીને વેગવંતી બનાવવી... આથી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધેલ તા. ૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશનનું ચુસ્તપણ પાલન કરવા, તેમજ ઉપરની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિ, જેવી ઉત્પાદક / વેપારી/ દુકાનદાર /વાહન-ચાલક/ કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડસ્પીકર/સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કરે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવામાં આવે છે. " તેવી સુચના પરિપત્રિત કરેલ છે.

આ ઉપરાંત ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા વંચાણ (૫) ના પરિપત્રથી '(૧) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા અત્યંત વિલંબથી પ્રતિભાવ આપવામાં આવે અથવા માત્ર ધ્વનિ પ્રદૂષણ બંધ કરાવવામાં આવે અને કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવામાં આવે અથવા અપૂરતી અને અયોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવે અથવા સ્થળ-તપાસ જ કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઇન્ચાર્જ/પોલીસ ટીમના ઇન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે. (૨) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ અંગે માત્ર આયોજક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવે પણ ડીજે/ લાઉડસ્પીકરના માલિક/સંચાલક/ઓપરેટર વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવે અને ડીજે/લાઉડસ્પીકરની જપ્તી અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીચીઆરના ઇન્ચાર્જ/ પોલીસ ટીમના ઇન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે.(૩) પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં ધ્વનિ પ્રદુષણના ચકાસણી કરવા સારૂ ફાળવેલ Digital Sound Level Meter Devices નો ઉપયોગ કરવાનો રહેશે. (૪) આવી કોઈ ફરિયાદ આવે કે બનાવ બને તો તેને ન અટકાવી શકવા માટે કે તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા માટે ઓપી/ચોકી ઇન્ચાર્જ અને થાણા ઇન્ચાર્જ ઉપરાંત જો આ ધ્વનિ પ્રદૂષણના નોટીફિકેશનનું ઉલ્લંઘન નાઈટ રાઉન્ડ દરમિયાન થયેલ હોય તો નાઈટ ડ્યુટી દરમિયાનના સ્થાનિક પોલીસના નાઈટ રાઉન્ડ ઇન્ચાર્જની સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે. (૫) આ પ્રકારની ઘટનાઓ નિવારવામાં નિષ્ફળતા બદલ સુપરવાઈઝરી અધિકારીઓની લાગુ પડે ત્યાં નિષ્કાળજી, બેદરકારી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે." તેમ જણાવી ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની પરવાનગી આપતી વખતે આ સાથે બિડેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) અનુરારવાની રહેશે તેમ જણાવી, નીચે મુજબની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) નક્કી કરેલ છે.

(૧) કોઈપણ કાર્યક્રમ કે સભા કે સરઘસ અંગેની પરવાનગી જે-તે આયોજકે લેવાની રહેતી હોય છે. આ ઉપરાંત સદરહુ કાર્યકમ કે રસભા કે સરઘસ અંગે આયોજક સિવાય જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સિસ્ટમ વગાડવા માટે The Noise Pollution (Regulation & Control Rules, 2000 મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે.

(૨) આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફકત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે. આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

(૩) આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

(૪) સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/operator ને મંજૂરી આપવાની રહેશે નહીં.

(૫) સાયલન્સ ઝોનની યાદી દર વર્ષે જિલ્લા કલેક્ટરશ્રી/પોલીસ કમિશ્નારશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે તથા તેની યાદી તેમના public domain પર પણ મુકવામાં આવશે તથા તેની યાદી સ્થાનિક પોલીસને પણ આપવામાં આવશે. સ્થાનિક પોલીસ દ્વારા ડીજે/લાઉડસ્પીકરની વપરાશ કરવાની પરવાનગી આપતા પહેલા આ બાબત ધ્યાને લેવાની રહેશે તથા તે અનુસાર રૂટ/સ્થાનની પરવાનગી આપવાની રહેશે.

(૬) રાત્રીના ૧૦:૦૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી ડીજે/લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

(૭) જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાંહેધરી આપવી પડશે કે "અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતાં વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે."

ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા તમામ લાયરાન્સિંગ સત્તાવાળાઓ તથા પોલીસ સત્તાવાળાઓને આથી જણાવવામાં આવે છે.

વધુમાં, હાલ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૬) થી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ નું અસરકારક અમલીકરણ થાય તેમજ નિ પ્રદૂષણનું અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે.

a. સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી દર્શાવેલ ગૃહ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રોનું ચુસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

b. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા ડી.જે. ટ્રક ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક નિયમાનુસાર પગલાં લેવાના રહેશે.

c. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા કોઈપણ નવા ડી.જે. ટ્રકને અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પરવાનગી આપવાની રહેશે નહિ.

d. હાલમાં ઉપયોગમાં લેવાઈ રહેલા ડી.જે. ટ્રક માટે સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ તે અંગેની સંબંધિત સત્તાવાળાએ પૂરતી ચકાસણી કરવાની રહેશે તેમ પરવાનગી વિના ડી.જે. ટ્રક ઉપયોગમાં લેવાતા હોવાની બાબત ધ્યાનમાં આવે તે કિસ્સામાં તાત્કાલિક આવા ડી.જે. ટ્રક જપ્ત કરવાના રહેશે.

e. ગૃહ વિભાગના તા:૨૧/૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રો તેમજ આ પરિપત્રનું ચુસ્તપણે અમલીકરણ કરવામાં જો સંબંધિત સત્તાવાળા નિષ્ફળ રહેશે તો નિષ્કાળજી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

સબબ ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવા નવસારી જિલ્લમાં ધ્વનિ પ્રદૂષણ અંગે જાહેરનામું બહાર પાડવુ ઉચિત જણાય છે.

**-:: હુકમ ::-**

વાસ્તે, હું ડો. જનમ ઠાકોર, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઇએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં તા.૩૧/૧૦/૨૦૨૫ થી તા.૨૯/૧૨/૨૦૨૫ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્ય ::**

(૧) ડી.જે. / સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમ / માઈક સિસ્ટમનો રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન ઉપયોગ કરવા ઉપર. (સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન જ આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ની જગ્યાએ ૧૨:૦૦ કલાક સુધી મળી શકશે.)

(૨) ડી.જે./ માઈક સિસ્ટમ ભાડે આપનાર, માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર દ્વારા સમગ્ર નવસારી જિલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે ડી.જે./માઈક સિસ્ટમ ભાડે આપવા ઉપર.

(૩) હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને "શાંત વિસ્તાર" તરીકે ગણવામાં આવે છે જેથી "શાંત વિસ્તાર" ની આજુબાજુમાં ડી.જે./ માઈક સિસ્ટમ કે તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોનો ઉપયોગ કરવા ઉપર.

(૪) એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગીતોનો ડી.જે./માઈક સિસ્ટમ માં ઉપયોગ કરવા ઉપર.

(૫) ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો / કાયદાઓનો અમલ થાય તે માટે જાહેર માર્ગમાં રોકાઈને નાચગાન, ગરબા વિગેરે કરવા ઉપર.

(૬) તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં “સાઉન્ડ લિમિટર્સ” વગરના વાજિંત્રો/યંત્રો/ સાધનોના ઉપયોગ કરવા ઉપર.

(૭) "સાઉન્ડ લિમિટર્સ" વગરના વાજિંત્રો/ યંત્રો/ સાધનોના વેચાણ/ખરીદી/સપ્લાય કે ઇન્સ્ટોલ કરવા ઉપર.

(૮) "સાઉન્ડ લિમિટર્સ" ઇન્સ્ટોલ કર્યા વગર સાઉન્ડ સિસ્ટમનો વાહનોમાં ઉપયોગ કરવા ઉપર.

(૯) ડી.જે./ માઈક સિસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. / માઈક સિસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે રીતે જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

**:: ડી.જે./માઈક સિસ્ટમ વગાડવા માટેનાં પ્રતિબંધ માંથી છૂટછાટ માટેની શરતો ::**

1. ડી.જે./ માઈક સિસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ ભાગીદારે / અરજદારે પરવાનગી મેળવવાની અરજી સબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને ૭-દિવસ પહેલા કરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

2. વરઘોડા/ રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

3. નવસારી જિલ્લાના સમગ્ર હદ વિસ્તારના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં ડી.જે. / માઈક સિસ્ટમનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહીં.

4. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

5. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

6. માઈક સિસ્ટમ વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાક થી રાત્રિના ૧૦:૦૦ સલાક સુધી જ થશે.

7. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે ડી.જે. / માઈક સિસ્ટમ રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:00 કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે ડી.જે./ માઈક સિસ્ટમના ઉપયોગ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ:** ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ના જગ્યાએ ૧૨:૦૦ કલાક વાગ્યા સુધી મળી શકશે.

8. કોઈપણ વિસ્તારમાં હવામાનમાં ઘોંઘાટ, અવાજનું પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યી મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ થી ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ:** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

9. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે તે સંકુલની હદ બહાર જાય નહીં.

10. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સિસ્ટમ/ વાજીંત્ર સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવું નહીં તથા ચલાવવું નહીં.

11. ડી.જે./ માઈક સિસ્ટમની પરવાનગી ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન કરે તો તેને અટકાવવા માટે અધિકૃત કોઈ પણ અધિકારીશ્રી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનગી ધરાવનારને ડી.જે. / માઈક સિસ્ટમ વાપરવા માટે મનાઇ કરવાનો હુકમ કરી શકશે.

12. ફરજ પરનાં અધિકારીશ્રી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગેની શરતોનો કોઈ ભંગ કરે તો વાહન તથા ડી.જે. / માઈક સિસ્ટમ અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

13. સાઉન્ડ લિમિટર લગાવ્યા વિનાના કોઈપણ ડી.જે./ માઈક સિસ્ટમ/ લાઉડ સ્પિકર /પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ સાઉન્ડ સિસ્ટમ વિગેરેનો જાહેરમાં ઉપયોગ કરી શકાશે નહી.

**:: શિક્ષા ::**

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર/કરાવનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા નવસારી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૩૦/૧૦/૨૦૨૫ના મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

**ડો. જનમ ઠાકોર**
ઈ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

---------------------

**વંચાણે લીધ્યું:-**

૧. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહીસાગરનો પત્ર જા.નં.પીબી/૧૭૦૭ તા.૨૯/૧૦/૨૦૨૫ (મ.તા.૦૧/૧૧/૨૦૨૫)

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું.**

નં.એમએજી/જાહેરનામું/વશી/૧૬૭૦/૨૦૨૫.—આમુખના પત્રની વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)નાઓ દ્વારા અત્રેના મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના સાઠંબા-ખરોડ-પાંસરોડા-લીંબરવાડા-વિરપુર રોડ (કી.મી. ૦/૦ થી ૧૫/૪૦૦) પર માઈનોર બ્રિજ (ચે.૫/૫૦૦ થી ૫/૬૦૦) Poor કેટેગરીનો જણાતા જરૂરી Investigation તથા જરૂરી ટેસ્ટીંગ અર્થે આલેખ વર્તુળ, ગાંધીનગર દ્વારા નક્કી કરેલ કન્સલટન્ટ દ્વારા બ્રીજની ચકાસણી કરતા તેઓ દ્વારા સદર બ્રીજ ભારે વાહનો (Heavy Axel Load) માટે બંધ કરવા ભલામણ કરેલ હોવાથી સદર બ્રીજને ભારે વાહનો (Heavy Axel Load) માટે બંધ કરવા તથા આ રસ્તા ઉપરના ભારે વાહનોના રૂટ ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ સદર રસ્તા તરફ જતાં કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ જાહેરહીતમાં

વાસ્તે, હું, સી. વી. લટા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહિસાગર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તા સોંપણી જાહેરનામા/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯ થી મળેલ સત્તાની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના સાઠંબા-ખરોડ-પાંસરોડા-લીંબરવાડા-વિરપુર રોડ (કી.મી. ૦/૦ થી ૧૫/૪૦૦) પર માઈનોર બ્રિજ (ચે.૫/૫૦૦ થી ૫/૬૦૦) ઉપરથી તમામ પ્રકારના ભારે વાહનો (Heavy Axel Load) ની અવર-જવર માટે અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવું છું. વધુમાં આ રસ્તા તરફના ભારે વાહનો ની અવર-જવર માટે અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવું છું. વધુમાં આ રસ્તા તરફના ભારે વાહનોનું ટ્રાફીક નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગતે ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

**પરિશિષ્ટ**

| માલવાહક વાહનો માટે બંધ કરવામાં આવેલ માર્ગ | માલવાહક વાહનો માટે ડાયવર્ટ કરવામાં આવેલ રૂટની વિગત. (ચાલુ માર્ગ) |
|---|---|
| સાઠંબા-ખરોડ-પાંસરોડા-લીંબરવાડા-વિરપુર રોડ (કી.મી. ૦/૦ થી ૧૫/૪૦૦) | સાઠંબા-ખરોડ-રણજીતપુરા-ચોરસા-વઘાસ-વિરપુર રોડ |

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ મહીસાગરનાએ આ અંગેના સાઈન બોર્ડ (૪ ફુટ*૬ ફુટ) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે. પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓને રસ્તાના બન્ને છેડે જરૂરી બંદોબસ્ત ગોઠવી સદર જાહેરનામાની અમલવારી ચુસ્તપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

સદરહું જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

**સી. વી. લટા,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહિસાગર-લુણાવાડા.

---------------------

### જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :-CSAHDRSAHAA202501636.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે ધી વૃંદાવન-૧ કો.ઓપ. કોમર્શિયલ એન્ડ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિ., મુ.ચાંગોદર, તા.સાણંદ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૧લી ઓકટોમ્બર, ૨૦૨૫.

------------

### નોંધણીનું પ્રમાણપત્ર

